# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટેકનોલોજી અને રાષ્ટ્રની આત્મનિર્ભરતાને આગળવધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવવા બદલ ભારતના યુવા સંશોધકોની પ્રશંસા કરી

2) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે બારડોલીમાં વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનું સમાપન કરાવ્યું

3) 21 જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસનાં રોજ દેશભરમાં એક લાખથી વધુ યોગ કાર્યક્રમો યોજાશે

4) કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે, માત્ર એક દાયકામાં પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણમાં 90 ગણો વધારો થયો.

5) EDએ રિયલ એસ્ટેટ યોજના સાથે સંકળાયેલા 2 હજાર 700 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના કેસમાં દિલ્હી, રાજસ્થાન અને ગુજરાતમાં 24 સ્થળોએ દરોડા પાડ્યા ......................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM – TECHNOLOGY 11 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટેકનોલોજી અને રાષ્ટ્રની આત્મનિર્ભરતાને આગળ વધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવવા બદલ ભારતના યુવા સંશોધકોની પ્રશંસા કરી છે. ડિજિટલ ઇન્ડિયાએ યુવાનોને નવીનતાનો ઉપયોગ કરવા માટે સશક્ત બનાવ્યા છે, જે છેલ્લા 11 વર્ષોમાં વૈશ્વિક તકનીકી પાવરહાઉસ તરીકે ભારતની સ્થિતિને મજબૂત બનાવે છે. MyGovIndia પર સોશિયલ મીડિયા સંદેશનાં જવાબમાં શ્રી મોદીએ કહ્યું કે, ટેકનોલોજીની શક્તિનો લાભ લેવાથી લોકોને અસંખ્ય લાભ થયા છે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ

(VOICE CAST ON DIGITAL MEDIA AKASRSHITA)

શ્રી મોદીએ કહ્યું કે, અંતરિયાળ ગામડાઓમાં ઇન્ટરનેટની પહોંચથી માંડીને વાસ્તવિક સમયની ડિજિટલ ચૂકવણીઓ સુધીનું પરિવર્તન વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે. ડિજિટલ ઇન્ડિયાના અગિયાર વર્ષ સર્વસમાવેશક વિકાસ, નવીનતા અને ડિજિટલ પાવરહાઉસ તરીકે ભારતના ઉદયની વાર્તા છે.

. . . . . . . . . . . . . . . .

# SHIVRAJ SINGH

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે સુરતના બારડોલી ખાતે કહ્યું હતું કે છેલ્લા અગિયાર વર્ષમાં દેશ બદલાયો છે.. વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનના સમાપન પ્રસંગે સંબોધન કરતાં શ્રી ચૌહાણે કહ્યું હતું કે દેશનો સર્વાંગી વિકાસ થયો છે. સરદાર પટેલના નેતૃત્વમાં બારડોલી સત્યાગ્રહની 97મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલા ખેડૂત સંમેલનમાં તેમણે કહ્યુ હતું કે સરદાર પટેલના કારણે આજે  દેશ છે..

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બોલતા કૃષિમંત્રીએ જણાવ્યું હતું કે આજે દેશનો ખેડૂત સક્ષમ અને અગ્રેસર બની રહ્યો છે..

શ્રી ચૌહાણે 29મી મેના રોજ  વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો ઓરિસ્સાથી આરંભ કરાવ્યો હતો અને આજે બારડોલીમાં તેનું સમાપન કર્યું હતું..

. . . . . . . . . . . . . . . .

# PIYUSH GOYAL- SWEDEN

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સ્વીડનમાં ભારત અને સ્વીડનના ઉદ્યોગસાહસિકોને સંબોધતા કહ્યું કે ભારત અને સ્વીડનની

મિત્રતા એ આ વાતનું પ્રતીક છે કે કેવી રીતે બે વિવિધ અર્થતંત્રો ધરાવતા દેશ સહિયારા દ્રષ્ટિકોણ અને સહયોગ દ્વારા પરસ્પર લાભ મેળવી શકે છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ગોયલે જણાવ્યું આ કાર્યક્રમમાં રજૂ કરાયેલ ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરાર પરનો સંયુક્ત મુસદ્દો બંને દેશ વચ્ચે આર્થિક વિકાસ અને સહકાર વધારવાના ભારતના વલણને રેખાંકિત કરે છે.. તેમણે બંને પક્ષ વચ્ચે સહકારની અપાર સંભાવના પર પણ પ્રકાશ પાડ્યો.

. . . . . . . . . . . . . . . .

# YOG DAY

**આગામી 21 જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સામાન્ય યોગ પ્રોટોકોલ પર આધારિત એક લાખથી વધુ યોગ કાર્યક્રમો સવારે 6:30 થી સાંજે 7.40 સુધી એક સાથે યોજવામાં આવશે.**

**આ વર્ષની વિષયવસ્તુ 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય "છે. નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે જણાવ્યું હતું કે મુખ્ય કાર્યક્રમ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં યોજાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં ભાગ લેશે.**

(BYTE PRATAP JADHAV YOG DAY)

**દિલ્હીમાં લાલ કિલ્લો, કર્તવ્ય પથ અને લોધી ગાર્ડન જેવા પ્રતિષ્ઠિત સ્થળો સહિત એકસો અગિયાર સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.**

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# DBT-TRANSACTION

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આજે જણાવ્યું હતું કે, માત્ર એક દાયકામાં પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણમાં 90 ગણો વધારો થયો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રીમતી સીતારમણે જણાવ્યું હતું કે, 2014માં 7 હજાર કરોડ રુપિયાથી વધુની ડીબીટી હતી, જે ગયા નાણાકીય વર્ષમાં વધીને 6.83 લાખ કરોડ થઈ ગઈ છે.

અન્ય એક પોસ્ટમાં, મંત્રીએ જણાવ્યું હતું કે વર્ષ 2024-25માં 260 લાખ કરોડ રૂપિયાથી વધુના વ્યવહારોની પ્રક્રિયા સાથે ભારત વાસ્તવિક સમયની ચૂકવણીમાં પણ વિશ્વમાં મોખરે છે તેમણે ઉમેર્યું હતું કે, વાર્ષિક ધોરણે લગભગ 18 હજાર છસો કરોડ વ્યવહારોનું સંચાલન કરવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . .

# J&K - AMARNATH YATRA

જમ્મુ અને કાશ્મીરમાં અમરનાથ યાત્રા દરમિયાન યાત્રાળુઓની સુવિધા માટે લખનપુરમાં બહુ-સુવિધા કેન્દ્ર બનાવવા માટે ત્રણ ડઝનથી વધુ રહેઠાણ અને છ રેડિયો-ફ્રિકવન્સી ઓળખ નોંધણી કાઉન્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે.

આકાશવાણીનાં જમ્મુ સંવાદદાતા જણાવે છે કે, 38 દિવસની અમરનાથ યાત્રા 3 જુલાઈએ અનંતનાગ જિલ્લામાં પરંપરાગત 48 કિલોમીટરનો માર્ગ અને ગંડરબાલ જિલ્લામાં ટૂંકો પણ મુશ્કેલ 14 કિલોમીટરનો માર્ગ એમ બે માર્ગ દ્વારા શરૂ થશે.

. . . . . . . . . . . . . . . .

# ED conducts raids in Delhi, Raj, Gujarat

પ્રવર્તન નિદેશાલય-EDએ રિયલ એસ્ટેટ યોજના સાથે સંકળાયેલા 2 હજાર 700 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના કેસમાં ગુરુવારે મોટી કાર્યવાહી શરૂ કરી હતી. ઇડીએ દિલ્હી, રાજસ્થાન અને ગુજરાતમાં લગભગ 24 સ્થળોએ દરોડા પાડ્યા હતા.

એજન્સીના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ તપાસ રેડ નેક્સા એવરગ્રીન નામની રિયલ એસ્ટેટ યોજના સાથે સંબંધિત મોટા પાયે નાણાકીય છેતરપિંડી સાથે જોડાયેલી છે. રાજસ્થાનમાં ઈડીની ટીમોએ જયપુર, જોધપુર, સીકર અને ઝુંઝુનૂ સહિતના શહેરોમાં કામગીરી હાથ ધરી હતી. આ ઉપરાંત અમદાવાદ અને દિલ્હીના કેટલાક ભાગોમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) ની જોગવાઈઓ હેઠળ કરવામાં આવી રહી છે.

રેડ નેક્સા એવરગ્રીન પ્રોજેક્ટ રોકાણકારોને ઊંચા વળતર અથવા ફ્લેટ, જમીન જેવી મિલકતોની ફાળવણી અથવા નિશ્ચિત કાર્યકાળ પછી પ્રીમિયમ દરની ચૂકવણી જેવાં પ્રલોભનો આપ્યા હોવાનું કહેવાય છે.

. . . . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી કર્ણાટક, કોંકણ, ગોવા, કેરળ, માહે, મહારાષ્ટ્ર, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરી છે. કેરળ અને માહેમાં અલગ અલગ સ્થળોએ વાવાઝોડા સાથે વરસાદની સંભાવના છે.. આજે આંદામાન-નિકોબાર, બિહાર, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, તેલંગાણા અને ઉત્તરાખંડમાં વિવિધ સ્થળોએ ભારે પવન સાથે વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે, આજે દિલ્હી, ચંદીગઢ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, મધ્યપ્રદેશ, પંજાબ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના વિવિધ ભાગોમાં ગરમીની મોજુ ફરી વળશે. ગઈકાલે જમ્મુમાં મહત્તમ 44.7 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું. મહારાષ્ટ્રનાં ત્રણ જિલ્લા- થાણે, મુંબઇ અને રાયગઢ માટે ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરાયું છે. સતારા, પૂણે અને રત્નાગિરીમાં 14 જૂને વરસાદની સંભાવના છે.

. . . . . . . . . . . . . . . .

## UK PRIME MINISTER

યુકેના પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસને મળવાની વિનંતીને નકારી કાઢી હતી. ફાયનાન્સિલ ટાઇમ્સના અહેવાલમાં જણાવાયું હતું કે તાજેતરની લંડન મુલાકાત દરમિયાન યુનુસે યુકેના પ્રધાનમંત્રીને મળવાની વિનંતી હતી. શ્રી યુનસનો

આશય પદભ્રષ્ટ પ્રધાનમંત્રી શેખ હસીનાના શાસન દરમિયાન લૂંટાયેલા અબજો ડોલરની વસૂલાત માટેના પ્રયાસો માટે સમર્થન મેળવવાનો હતો..

યુનુસે બ્રિટિશ દૈનિકને જણાવ્યું હતું કે અવામી લીગના નેતૃત્વ હેઠળના શાસન દ્વારા ચોરાયેલા ભંડોળને શોધવામાં તેમની સરકારને મદદ કરવા માટે યુકેએ સહકાર આપવો જોઇએ., એવુ કહેવાય છે કે મોટાભાગનુ ભંડોળ હવે યુકેમાં છે.

. . . . . . . . . . . . . . . .